R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૬૩૮૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-26 • ISSUE: 46 DATE: 18-11-17• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## પશ્ચિમ બંગાળમાં પંચાયતની ચુંટણી પહેલાં સરકારે ગ્રામીણ વિસ્તારોમાં દરેક પરિવારને ગાય ભેટ આપવાની જાહેરાત કરી



પશ્ચિમ બંગાળમાં પંચાયતની ચુંટણી પહેલાં સરકારે ગ્રામીણ વિસ્તારોમાં દરેક પરિવારને એક ગાય આપવાની જાહેરાત કરી છે.આવતા વર્ષે ચુંટણી યોજાશે. જો કે પશુ સંશાધન વિકાસ મંત્રી સ્વાપન દેબનાથે કહ્યુ હતું કે સરકારની આ યોજનાથી ગ્રામીણ વિસ્તારના પરિવારોને આત્મનિર્ભર બનવા મદદ મળશે. તેમણે વધુમાં કહ્યુ હતું કે આ યોજનાથી રાજ્યમાં દુધના ઉત્પાદનમાં મોટા પાયે વધારો થશે.દેબનાથે પીટીઆઈને જણાવ્યુ હતું કે ગ્રામીણ પરિવારમાં ગાય વિતરણ પ્રક્રિયા જલ્દીથી શરુ કરાશે. જ્યારે આવતા વર્ષે શરઆતના મહિનાઓમાં આ કામ પુરા કરી દેવાશે.

પશું સંશાધન વિકાસ મંત્રીના જણાવ્યા પ્રમાણે સરકાર એ પરિવારોને ગાય આપશે.અમે એ પરિવારોને આત્મનિર્ભર બનાવવા ઈચ્છીએ છીએ. આશા કરીએ કે સરકારના આ પગલાંથી રાજ્યમાં દુધનું ઉત્પાદન વધશે.ખરેખર મમતા બેનર્જીનું આ હિંદુકાર્ડ કેટલા અંશે સફળ નીવડે છે તે જોવાનું રહ્યું.

## અનામત બાબતે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરતાં કહ્યુ કે કુલ અનામત કોઇપણ સંજોગોમાં ૫૦ ટકાથી વધવી ના જોઇએ જેથી રાજસ્થાનમાં ગુર્જરોને પાંચ ટકા અનામત ક્વોટા આપી શકાય નહીં



સુપ્રીમ કોર્ટે રાજસ્થાનમાં ગુર્જરોને પાંચ ટકા અનામત ન મળી શકે તેવો આદેશ કર્યો છે.રાજસ્થાન સરકારે ગુર્જરો માટે પાંચ ટકા અનામતની જાહેરાત કરી હતી.પરંતુ આમ કરવાથી મહત્તમ ૫૦ ટકા અનામતના સુપ્રીમ કોર્ટના આદેશનો ભંગ થાય છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે હાઈકોર્ટ જ્યાં સુધી નિર્ણય ન લે ત્યાં સુધી ગુર્જરોને અનામતનો અમલ ન થઈ શકે.સુપ્રીમ કોર્ટે ૧૩મીએ આ આદેશ કર્યો હતો.જે ૧૫મીએ ઉપલબ્ધબન્યો હતો.આમ હાલ તો ગુર્જરોની અનામત પર પડદો પડી ગયો છે.ગુજરાતમાં પાટીદારો અનામતની માંગણી કરી રહ્યા છે. અને ચુંટણીમાં આ મામલે ખાસ્સી ચર્ચા થઈ રહી છે. ત્યારે ગુર્જરોને અનામત અંગે સુપ્રીમ કોર્ટનો આદેશ સુચક છે.

સુપ્રીમ કોર્ટના આદેશમાં કહેવાયું છે કે હાઈકોર્ટે વિધાનસભામાં આ બિલ રજુ કરવાની પ્રક્રિયા પર સ્ટે મુકતો આદેશ કર્યો છે તે યોગ્ય નહતો અને આથે તે આદેશના એટલા ભાગ પર સ્ટે મુકવામાં આવે છે. જો કે કોર્ટે કહ્યુ હતું કે અનામતના લાભ આપવાના મામલે કોઈ જ એવો વહીવટી નિર્ણય લેવો ન જોઈએ જેનાથી કુલ અનામત ૫૦ ટકાથી વધારે થાય.

રાજસ્થાનની વસુંધરારાજે સિંધિયાની સરકારે ગુર્જરોનો રોષ શાંત કરવા માટે પાંચ ટકા અનામતની જાહેરાત ગત ઓગષ્ટમાં કરી હતી. રાજ્ય સરકારે ઓબીસી માટે અનામતનો વ્યાપ ૨૧ ટકાથી વધારીને ૨૬ ટકા કર્યો હતો અને ગુર્જરો તથા અન્ય કેટલીક જાતિને પાંચ ટકા અનામત આપવાની જાહેરાત કરી હતી.હાલમાં જ હાજયમાં કુલ અનામત ૪૯ ટકાના સ્તર પર છે.જો વધુ પાંચ ટકા અનામતનો અમલ કરાશે તો કુલ અનામત ૫૦ ટકાથી વધીને ૫૪ ટકા થઈ જશે. રાજ્યસ્થાન વિધાનસભાએ ચોમાસુ સત્રમાં ગૃહમાં આ બિલ રજુ કર્યુ હતું પરંતુ રાજ્યસ્થાન હાઈકોર્ટમાં અપીલ કરતાં હાઈકોર્ટે તેનો અમલ સ્થગિત કર્યો હતો.

## ચીની રાષ્ટ્રપ્રમુખ જિનપિંગે ગરીબી દુર કરવા માટે ઇસુની તસવીર હટાવીને તેમની તસવીર લગાવવા આદેશ જારી કર્યો

ચીનમાં સતત બીજી વાર રાષ્ટ્રપ્રમુખ નેલા શી જિનપીંગ માઓ પછી બીજા સૌથી શક્તિશાળી નેતા ગણાવાય છે પણ હવે તેમને ભગવાન પણ ગણાવવામાં આવી રહ્યા છે.ચીનના દક્ષિણ પુર્વ ક્ષેત્રમાં રહેતા ઈસાઈ પરિવારોને હવે ઈસુ ખ્રિસ્તની તસવીરના સ્થાને શી જિનપીંગની તસવીર લગાવવાનો હુકમ આપવામાં આવ્યો છે.ચીનના યુગાન કાઉન્ટીમાં રહેતા હજારો પરિવારોને કહેવામાં આવ્યુ છે કે આપની ગરીબી અને કષ્ટ ઈસુને પ્રાર્થના કરવાથી દુર નહીં થાય. સ્થાનિક અધિકારીઓએ કહ્યુ છે કે તમારી ગરીબી અને કષ્ટો રાષ્ટ્રપતિ શી.જિનપીગ દુર કરશે. ઈસુ ખ્રિસ્તની તસવીરના સ્થાને તમે રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગનો ફોટો લગાવશો. પોયાંગના કિનારે જિયાન્શી પ્રાંતમાં હજારોની સંખ્યામાં ખ્રિસ્તી પરિવારો રહે છે. તેઓ તમામ ગરીબ છે.ચીનમાં જો ૧૦ લાખ લોકો ગરીબ છે તો તેમાંથી લગભગ ૧૧ ટકા લોકો ગરીબી રેખાની નીચે છે. જેમાં લગભગ ૧૦ ટકા લોકો ખ્રિસ્તી છે. યુગાન કાઉન્ટીના સોશ્યલ મીડીયામાં જણાવાયુ છે કે અહીં ખ્રિસ્તી ધર્મની ૬૨૪ તસવીરો અને ચિહ્નને ગ્રામીણોએ હટાવીને રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગની ૪૫૩ તસવીરો પણ લગાવી દીધી છે.

## મતદાર ઓળખપત્રના આધારે કરચોરોને પકડવા આવકવેરાની તજવીજ

કર ભર્યા વિના વર્ષોથી ગાયબ થઈ ગયેલા કરચોરોને ઝડપી કાઢવા માટે હવે આવકવેરા વિભાગે ચુંટણી પંચની મદદ લેવાનું નક્કી કર્યુ છે.ચુંટણી પંચને નોન ટ્રેસેબલ કરચોરોની યાદી મોકલવામાં આવશે જેથી મતદાર ઓળખપત્રની મદદથી કરચોરો હાલમાં ક્યા સરનામે છે તે પકડી શકાય.સુરત શહેરમાં હાલમાં અંદાજિત ૫૦ જેટલા કેસ એવા છે કે જમાં કરચોરો મળી રહ્યા નથી.અને મળે તો પોતની કોઈ એન્ટ્રી નથી કહી હાજર રહેતા નથી.

## ઝિમ્બાવેમાં તાનાશાહ મુગાબેના ૩૭ વર્ષના એકહથ્થુ શાસનનો અંતઃ લશ્કરી બળવો

ઝિમ્બાવેમાં રોબર્ટ મુગાબેના એકહથ્થુ શાસનનો અંત આવી ગયો છે. છેલ્લા ૩૭ વર્ષથી તાનાશાહની જેમ શાસન કરી રહેલા અને પ્રજાનું શોષણ કરી રહેલા મુગાબેની સામે લશ્કરે બળવો કર્યો છે.ઝિમ્બાવેની સેનાએ રાજધાની હરારે અને રાષ્ટ્પતિ ભવન સહિતની તમામ મહત્વની સરકારી ઓફિસો પર કબજો કરી લીધો હતો. અને સત્તા પલટો કરી નાંખ્યો છે.સેનાએ રાષ્ટ્પતિ રોબર્ટ મુગાબે અને તેમની મહત્વાકાંક્ષી પત્ની ગ્રેસને કેદ કરી લીધા છે.સરકારી પ્રસારણ સેવા પર પણ સેના દ્વારા કબજો કરી લેવાયો છે.લોકોમાં ગભરાય અને ભાગદોડ મચેલી છે. આર્થિક કટોકટી સામે ઝઝુમી રહેલા ઝિમ્બાવેના બેન્કમાંથી નાણાં ઉપાડવા માટે લાઈનો લાગી ગઈ છે.સેનાએ સત્તાવાર તખ્તાપલટાનો ઈન્કાર કર્યો છે અને કહ્યુ છે કે મુગાબેની આસપાસના ગુનાખોરોનો ખાત્મો કર્યા પછી ફરીથી દેશમાં શાંતિ સ્થાપી શકાશે.

દક્ષીણ આફ્રીકાના આ દેશમાં પ્રથમવાર સેનાએ ૯૩ વર્ષના મુગાબે સામે બળવો કર્યો છે.મુગાબે વિશ્વના કોઈપણ દેશના સૌથી વૃધ્ધ વડા છે.અને સૌથી વધુ સમય સુધી શાસન કરનારા પૈકી એક છે.૧૯૮૦માં ઝિમ્બાવે સ્વતંત્ર થયું ત્યારથી તેઓ તેના વડા હતા.સત્તા પલટા માટે બરતરફ કરાયેલા વાઈસ પ્રેસિડેન્ટનો હાથ હોવાનુ મનાઈ રહ્યુ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

## નવક્રાંતિ

દેશમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા જેવા મુદ્દે ભારે કસમકસ ચાલી રહી છે.આપણા બંધારણે બક્ષેલી તમામ સ્વતંત્રતા પર ખતરો મંડાઈ રહ્યો છે.વારંવાર ફિલ્મોના કે પુસ્તકોના લખાણો કે નિવેદનો પર વિવાદોની પરંપરા ચાલી રહી છે.તાજેતરમાં ફિલ્મા પધ્માવતીનો વિવાદ સુપ્રીમ કોર્ટ સુધી પહોચી ગયો.ફિલ્મ રીલીઝ પર પ્રતિબંધ મુકવાની માંગણી કરાઈ જેને સુપ્રીમ કોર્ટે નકારી કાઢી.કોર્ટે જે કહયું તે મુજબ હજુ સુધી તો ફિલ્મને સેન્સર બોર્ડનું સર્ટી.પણ મળ્યું નત તે પહેલાં કોઈ નિર્ણય લઈ શકાય નહીં.ફિલ્મને સર્ટીફિકેટ આપતાં પહેલાં તેના તમામ પાસાંનો વિચાર કરવામાં આવે છે.ફિલ્મની રીલીઝ પહેલાં સેન્સર બોર્ડની સર્ટી .આપવા માટે યોગ્ય ગાઈડલાઈન અમલમાં હોય છે.પરંતુ રાજપુત કરણી સેના દ્વારા ગુજરાત અને મહારાષ્ટ્રમાં તેનો વિરોધ થઈ રહ્યો છે.

જો કે ફિલ્મ જોયા વગર તેની માટે જે કાંઈ ટીકા ટિપ્પણી થઈ રહી છે તે કેટલી યોગ્ય છે તે કેવી રીતે કહી શકાય.ફિલ્મોની વાર્તાઓમાં ઐતિહાસિક કેટલીક બાબતોને વણી લેવાતી હોય છે પરંતુ તેનો સંપુર્ણ અર્થપુર્ણ રીતે ન્યાય અપાતો નથી.ફિલ્મને ચલાવવા માટે કેટલાક ફેરફારો કરીને તેને મનોરંજન સ્વરુપે બદલી દેવાય છે.જેથી કરોડો રુપીયાનું આંધણ કરનારા પ્રોડકશન હાઉસ કે તેમાં રોકાયેલા નાણાંનું વળતર તેઓ મેળવી શકે.ફિલ્મો લોકો માટે મનોરંજન પુરુ પાડતી એક વ્યવસ્થા છે તેને તેમાં જોતરાયેલા લોકો પોતાના ધંધાને અનરુપ તેમાં ગોઠવણો કરતા હોય છે.ખેર,આ બધી બાબતો માટે તમારે એક પ્રકારે તૈયાર રહેવું પડે કે તમે જે માનો છો તે પ્રમાણે જ તેમાં બધા પાસાં મુકાયેલા હોય તેમ જરુરી નથી.

કેટલાક રાજકીય સ્વાર્થ,ચુંટણી સમીકરણો એવી કેટલીક બાબતો આવી સમસ્યાઓને સમય પુરતો બારુદ પુરી પાડે છે અને અવ્યવસ્થાનું નિર્માણ ઉભુ થાય છે.આવા બખેડા રોકવા તંદુરસ્ત લોકશાહીની જરુર પડે છે.

## મંતવ્ય

દેશના સાત રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશમાં હિંદુઓને લઘુમતીનો દરજ્જો આપવા કેન્દ્ર સરકારને આદેશ આપવાની માંગ કરતી અરજી સાંભળવાનો સુપ્રીમ કોર્ટે ઈન્કાર કર્યો હતો. જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વ હેઠળની બેન્ચે જણાવ્યુ હતું કે આ મામલાનો નિર્ણય રાષ્ટ્રીય લઘુમતી પંચ દ્વારા લેવાવો જોઈએ.તેથી અરજકર્તાને લઘુમતી પંચ સમક્ષ રજુઆત કરવી જોઈએ.સુપ્રીમ કોર્ટમાં રજુ કરાયેલી જાહેર હિતની અરજીમાં જમ્મુ-કાશ્મીર,પંજાબ,લક્ષદ્વીપ, મીઝોરામ,નાગાલેન્ડ,મેઘાલય,અરુણાચલ પ્રદેશ અને મણિપુરમાં હિંદુઓને લઘુમતી સમુદાયોનો દરજ્જો આપવાની માંગ કરાઈ છે.અરજી કરનાર એડવોકેટ ઉપાધ્યાયે જણાવ્યુ હતું કે આ રાજ્યોમાં હિંદુઓ લઘુમતીમાં છે.પરંતુ રાજ્ય સ્તરે લઘુમતી સમુદાયોની ઓળખ સ્થાપિત ન કરાઈ હોવાથી હિંદુ સમુદાયને કાયદેસર રીતે મળવાપાત્ર લઘુમતી સમુદાયના લાભો જે તે રાજ્યના બહુમતી સમુદાયના લોકોને પક્ષપાતી રીતે આપવામાં આવે છે.કેન્દ્ર સરકારે લઘુમતી સમુદાયના વિદ્યાર્થીઓ મ્ટે રુ.૨૦૦૦૦ શિષ્યવૃત્તિ જાહેર કરી છે. જમ્મુ કાશ્મીરમાં મુસ્લીમોની વસ્તી ૬૮.૩૦ ટાક છે તેમ છતાં સરકારે ૭૫૩માંથી ૭૧૩ શિષ્યવૃત્તિ મુસ્લીમોને આપી છે. તેમાં કોઈ હિંદુ વિદ્યાર્થીનો સમાવેશ થતો નથી.કેન્દ્ર સરકાર દ્વારા ૧૯૯૩માં જાહેર કરાયેલા જાહેરનામાં અનુસાર દેશમાં ખ્રિસ્તી,શીખ,બૌધ્ધ,મુસ્લીમ અને પારસીને લઘુમતી સમુદાયનો દરજ્જો અપાયો હતો. ૨૦૧૪માં જૈન સમુદાયને લઘુમતીનો દરજ્જો અપાયો હતો.

હવે સવાલ એ ઉભો થાય છે કે સુપ્રીમ કોર્ટમાં દેશના સાત રાજ્યોમાં હિંદુઓને લઘુમતી ગણી તેના લાભો આપવા જોઈએ. તો સાથે સાથે જે રાજ્યોમાં હિંદુઓ બહુમતીમાં છે ત્યાં લઘુમતીઓને કેવા અને કેટલા લાભો અપાયા છે તેની પણ માહીતી ઉપલબ્ધ કરવવી જોઈતી હતી. પી.કે પરમાર


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## તામિલનાડુના મુખ્યમંત્રી વિરુધ્ધ કાર્ટુન દોરનાર ફ્રીલાન્સ કાર્ટુનિસ્ટ જી.બાલાની ધરપકડ

તામિલનાડુ પોલીસે ફ્રીલાન્સ કાર્ટુનિસ્ટ જી.બાલાની ચેન્નાઈમાં ધરપકડ કરી છે. તેમના પર તિરુનેલવેલીમાં એક પરિવારની આત્મવિલોપનના પ્રયાસના મામલે રાજય સરકાર અને મુખ્યમંત્રી પલાનીસામીની ટીકા કરતું કાર્ટુન દોરવાનો આરોપ મુકવામાં આવ્યો છે.તિરુનેલવેલીના કલેકટરે ક્રાઈમ બ્રાંચમાં આ કાર્ટુન મામલે ફરિયાદ નોધાવી હતી.કાર્ટુનિસ્ટ બાલાની ધરપકડ બાદ સોશ્યલ સાઈટસ પર તેમના સર્મથનમાં પ્રતિક્રિયાઓ થવા લાગી હતી.

તિરુનેલવેલીમાં એક શ્રમિક પી.સાકિમુથુએ તેની પત્ની અને બે બાળકો સાથે કલેકટર કચેરીની બહાર આત્મ વિલોપનનો પ્રયાસ કર્યો હતો.આ ઘટનામાં પત્ની સુબ્બુલક્ષ્મી,ચાર વર્ષની દીકરી અને ૧૮ મહિનાના દીકરાના મોત થયા હતા.તે પોતે પણ ૭૫ ટકા સુધી દાઝી ગયો હતો.એક વ્યાજખોરથી ત્રસ્ત થવાને કારણે આ પરિવારે આત્મહત્યા કરી હતી.કલેકટર ઓફિસમાં વારંવાર રજુઆત છતાં તેની મુશ્કેલીને કોઈએ ધ્યાનમાં લીધી ન હતી.આત્મવિલોપનનો પ્રયાસ કરનાર મુથુએ શાહુકાર પાસેથી ૧.૪૦ લાખની લોન લીધી હતી. અને વ્યાજ સાથે પરત ૨.૩૪ લાખ રુપીયા ચુકવી દીધા હતા.છતાં તે નાણાં માગતો હતો.આ પરિવારની મુશ્કેલી અને આત્મદાહના પ્રયાસને આવરીને જી. બાલાએ સીએમ પલાની સામીની ટીકા કરતું કાર્ટુન દોર્યું હતું.

કાર્ટુનિસ્ટ બાલાની ધરપકડના વિરોધમાં ચેન્નાઈ પ્રેસ કલબે ચેન્નાઈમાં વિરોધ પ્રદર્શન યોજવાની જાહેરાત કરી હતી.કાર્ટુન ૨૬ ઓકટો.અપલોડ કરાયું હતું.જેને અનેક અધિકારીઓએ પણ શેર કર્યુ હતું.તેને કારણે આ કાર્ટુન ખાસુ ચર્ચાસ્પદ અને વિવાદાસ્પદ બની ગયું હતું.

અગાઉ કોલકત્તાના એક પ્રોફેસર અંબિકેશ મહાપાત્રએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી વિરોધી એક કાર્ટુન સોશિયલ નેટવર્કીંગ સાઈટ પર ફરતું કર્યુ હતું. જેના પગલે તેમની પર ટીએમસીના કાર્યકરોએ હુમલો કર્યો હતો. અને બાદમાં પોલીસે તેમની ધરપકડ પણ કરી હતી. તે અગાઉ મુંબઈના અસીમ ત્રીવેદી નામના કાર્ટુનિસ્ટ અને એક્ટિવિસ્ટના કાર્ટુનનો પણ વિવાદ થયો હતો.આજકાલ રાજકારણીઓના મગજમાં સાચી વાત જે કહેવામાં આવે છે તેને સ્વીકારવાની તૈયારી હોતી નથી.ભુતકાળમાં એટલે કે વડાપ્રધાન જવાહરલાલ નહેરુના કાર્ટુનો લક્ષ્મણે દોરેલા અને તેનો વિરોધ પ્રગટ કરવાને બદલે નહેરુજીએ તેમને અભિનંદન પાઠવેલા એ હતી રાજકારણી તરીકે તેમની મહાનતા.હવે તો રાજકારણીઓનો કે સરકારનો વિરોધ પ્રગટ કરનારાઓ સામે દુશ્મનની માફક વેર વાળવામાં આવે છે.

## હિંદુ આતંકવાદ આજે પણ જીવંત છે અને તામિલનાડુમાં વેગ પકડી રહ્યો છે : કમલ હસન

દક્ષિણ ભારતના અભિનેતા કમલ હસને હિંદુ આતંકવાદનો મુદ્દો ઉઠાવીને લખ્યુ હતું કે હિંદુ આતંકવાદ આજે પણ જીવંત છે.અને તામિલનાડું માં વેગ પકડી રહ્યો છે.હિંદુ સંગઠનો રાજ્યના તહેવારોને મસલ પાવર અને હિંસાના પ્રદર્શનમાં ફેરવી રહ્યા છે.તામિલનાડુમાં હિંદુ ઉગ્રવાદ પ્રવર્તી રહ્યો છે.તમે એમ કહી શકોનહીં કે હિંદુ આતંકવાદ જેવું કશું નથી. જો કે ભાજપે કમલ હસનના લેખને બેજવાબદાર,બદઈરાદાભર્યો ગણાવી આરોપ પુરવાર કરવા પડકાર ફેક્યો હતો.ભાજપ પ્રવક્તા નારાયણ તીરુપતિએ જણાવ્યુ હતું કે કમલ હસન જેવા સુપર સ્ટારે જવાબદારી ભર્યા નિવેદનો કરવા જોઈએ.કાં તો કમલ હસને પુરાવા આપવા જોઈએ.અથવા તો માંફી માંગે .

સંઘના રાકેશ સિંહાએ કહ્યુ હતું કે તામિલનાડુમાં મુસ્લીમ સંગઠનો પીએફઆઈ અને અલ-ઉમાનીથી પ્રભાવિત થઈને કમલ હસને હિંદુ આતંકવાદની વાતો કરી રહ્યા છે.હિંદુ સભ્યતાના અપમાન અને લાગણી દુભાવવા માટે કમલ હસને માંફી માંગવી જોઈએ તેઓ લાગણીઓ ભડકાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે.જ્યારે એનઆઈએ પીએફઆઈ પર પ્રતિબંધની તૈયારી કરી રહી છે ત્યારે હિંદુ આતંકવાદનો મદ્દો ઉઠાવી કમલ હસન તેને બચાવવા પ્રયત્ન કરી રહ્યા છે.

જો કે ભુતકાળમાં કોગ્રેસના તત્કાલિક મંત્રી ચિદમ્બરમે કેસરીયા આતંકવાદનો મુદ્દો ઉપસ્થિત કરીને સંઘ અને તેમની સંસ્થાઓ સામે આંગળી ચીંધી હતી.

## કેરળમાં સંઘના એક કાર્યકરની હત્યા : આક્ષેપ -પ્રતિ આક્ષેપો કરાયા

કેરળમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના એક કાર્યકરની હત્યા કરી દેવાઈ છે. સીપીઆઈ(એમ)ના કાર્યકરોએ કથિત રીતે તેમના પર હુમલો કર્યો હતો અને હોસ્પીટલમાં લઈ જવાતાં તેનું મોત નિપજ્યું હતું.આ મામલે ભાજપ અને સીપીઆઈ(એમ) વચ્ચે આક્ષેપો પ્રતિ આક્ષેપો શરુ થયા છે. મંદિરનું શહેર મનાતા ગુરુવયુરમાં આનંદન નામનો યુવક મોટરસાઈકલ પર જઈ રહ્યો હતો ત્યારે કારમાં આવેલા સીપીઆઈ (એમ)ના કાર્યકરોએ તેમના પર ધારદાર શસ્ત્રોતી હુમલો કર્યો હતો. હોસ્પીટલમાં પહોચતાં પહેલાં જ આનંદનું મોત થયું હતું.

બ્રહ્મકુલમનો રહેવાસી આનંદન ૨૦૧૩માં સીપીઆઈ(એમ)ના એક કાર્યકર્તાની હત્યા કેસનો આરોપી હતો.ભાજપે આક્ષેપ કર્યો છે કે કેરળમાં ૨૦૦૧થી ભાજપના ૧૨૦ કાર્યકરોની હત્યા થઈ છે.જેમાં માત્ર કન્નુરના જ ૮૪ કાર્યકરોની હત્યા થઈ છે. જ્યારે બીજી તરફ સીપીઆઈ)એમ) એ આક્ષેપ કર્યો છે કે ભાજપ અને સંઘ કાયમ હિંસાનો આશરો લે છે.

## નોટબંધીથી ખુશ હોય તો સરકાર નહીં લોકો ઉત્સવ ઉજવે : શત્રુઘ્ન સિંહા ભાજપ સાંસદ

જીએસટી અને નોટબંધીને મુદ્દે ભાજપના પોતાના નેતાઓ જ તેની ફજેતી કરી રહ્યા છે. પુર્વ નાણાં પ્રધાન યશવંતસિંહાએ વર્તમાન નાણાંપ્રધાન અરુણ જેટલીને પદ પરથી દુર કરવાની માંગણી કરી છે તો શત્રુઘ્ન સિંહાએ ટ્વિટ કરીને કહ્યુ છે કે નોટબંધી મુદ્દે જો લોકો ખુશ હોત તો જશ્ન સરકાર નહીં લોકો મનાવતા હોત.

શિત્રઘ્નની આ ટ્વિટ ખુબ શેર થઈ રહી છે.ઉલ્લેખનીય છે કે નોટબંધીની પ્રથમ તિથિની ઉજવણી મોદી સરકારે એન્ટી બ્લેક મની ડેના રુપમાં કરી હતી. ભાજપના આ બે બળવાખોર નેતાના વલણ સામે ભાજપ પ્રવક્તા પણ જવાબ નથી આપી શકતા. અમિત શાહના પુત્ર જય શાહ પર લાગેલા આરોપોને મુદ્દે પણ આ બંને નેતા પાર્ટી લાઈનથી અલગ નિવેદન આપતા રહ્યા છે. હવે જોવાનું રહે છે કે ભાજપ આ નિવેદનની પ્રતિક્રિયા કેવી આપે છે.બંને બળવાખોર નેતાઓના વિરોધપક્ષના ભાથામાં તીરનો ઉમેરો કરે છે.

# બેન્કો આધાર લિંક કરાવવાના મુદ્દે ડરાવવાનું બંધ કરે : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે બેન્કો અને ટેલીકોમની સેવા આપતી કંપનીઓને સુચના આપી છે કે તેઓ ગ્રાહકોને મોકલવામાં આવતા તેમના સંદેશામાં બેન્ક ખાતાઓ અને મોબાઇલ નંબરોને જોડવાની અંતિમ તારીખ લિંક કરવાની અંતિમ તારીખ દર્શાવે.તેઓ મેસેજ મોકલીને ગ્રાહકોને ડરાવવાનું બંધ કરે.હાલમાં બેન્ક ખાતાઓ સાતે આધારને લિંક કરવાની અંતિમ તારીખ ૩૧મી ડિસેમ્બર છે. જ્યારે મોબાઇલ નંબરો માટે તે તારીખ ૬ ફેબ્રુઆરી ૨૦૧૮ નક્કી કરાઇ છે.સુપ્રીમ કોર્ટે બેન્ક ખાતાઓ અને મોબાઇલ નંબરો સાથે ૧૨ આંકડાના યુનિક બાયોમેટ્રીક આઇડેન્ટીફિકેશન નંબરને જોડવા તેમજ આધાર કાયદાની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર વચગાળાનો આદેશ જારી કર્યો ન હતો.તેણે જણાવ્યુ હતું કે આધારને લગતા તમામ મુદ્દાઓમાં નવેમ્બરના અંતિમ અઠવાડીયાથી અન્ય બેન્ચ સમક્ષ અંતિમ સુનાવણી શરુ થશે અને બેન્ચ આ મુદ્દે નક્કી કરશે.

વધુમાં કેન્દ્રે આ મુદત ૩૧ ડિસેમ્બર સુધી લંબાવી છે.પીટીશનરો વતી હાજર રહેલા વકીલોએ જસ્ટીસ એ શિકરી અને અશોક ભુષણની બેન્ચને જણાવ્યુ હતું કે જો આધાર સાથે લિંક નહી કરાય તો તેમની સેવાઓ રદ કરી દેવાશે તેવા સંદેશાઓ મોકલીને બેન્કો અને મોબાઇલ કંપનીઓ લોકોમાં ગભરાટનું વાતાવરણ ઉભુ કરી રહી છે. બેન્ચે કહ્યુ હતું કે અમે સ્પષ્ટ કરીએ છીએ કે બેન્કો અને ટેલીકોમ કંપનીઓ દ્વારા મોકલવામાં આવતાં સંદેશામાં આધાર સાથે લિંક કરવાની તેમની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર,૨૦૧૭ અને છ ફેબ્રુઆરી ૨૦૧૮ને પણ દર્શાવવામાં આવે. કોર્ટે કેન્દ્રને ચાર અલગ અલગ અરજીઓ પર નોટીસ જારી કરી છે. અને તેમની મુખ્ય પીટીશન સાથે જોડી છ. જે બંધારણીય બેન્ચ સમક્ષ સુનાવણી માટે આવશે.

સરકારે સ્પષ્ટ કર્યુ હતું કે બેન્ક ખાતાઓને આધાર સાથે ૩૧ ડિસેમ્બર સુધી જોડવાનું ફરજયાત છે.પરંતુ આ તારીખ ૩૧ માર્ચ,૨૦૧૮ સુધી લંબાવી શકાય છે.ત્યાં સુધી કોઇનું ખાતું નિષ્ક્રીય નહીં થાય.પરંતુ નવું ખાતું ખોલવનારાઓએ આઇડી પ્રુફ તરીકે આધાર આપવા પડશે.જો કે મોબાઇલ નંબર સાથે આધારને લિંક કરવાની છ ફેબ્રુઆરી,૨૦૧૮નીસમયમર્યાદામાં કોઇ ફેરફાર થશે નહીં.

સરકાર તરફથી એવી રજુઆત કરવામાં આવી હતી કે આવા મેસેજીસ કોઇને થતા નથી.ત્યારે સરકારની રજુઆત સામે જસ્ટીસ શિકરીએ કહ્યુ હતું કે મને પણ આવા મેસેજીસ બેન્કો અને મોબાઇલ કંપનીઓ તરફથી આવે છે.તેમણે કહ્યુ હતું કે હું મીડીયા સામે આવું કહેવા માંગતો ન હતો. પરંતુ મને મેસેજીસ મળે છે તેથી સરકારની આવા મેસેજીસ મોકલાતા નથી એવી રજુઆત સામે જસ્ટીસ શિકરીની ટિપ્પણીએ હાસ્યનું મોજુ ફરી વળ્યું હતું.

# હરિયાણામાં ગાયો માટે પીજી હોસ્ટેલો બાંધવામાં આવશે ભાજપ : લોકો માટે ઘર નથી અને ગાયો માટે હોસ્ટેલ બાંધવી છે : ચૌટાલા લોકદળ

હરિયાણાની ભાજપ સરકારે ગૌરક્ષાના ભાગરુપે રાજ્યના મોટા શહેરોમાં ગાય અને ભંસ માટે પીજી હોસ્ટેલ બાંધવાનો નિર્ણય લીધો છે. મોટા મોટા શહેરોમાં ૫૦ થી ૧૦૦ એકર જમીનમાં આ પ્રકારની પીજી હોસ્ટેલ બાંધવામાં આવશે.જે લોકો પોતાના ધાર્મિક અધિકારોનો ઉપયોગ કરવા માંગે છે તેઓ આ રીતે ગૌસેવા કરી શકશે.હિસાર ખાતેથી આનો પાઇલટ પ્રોજેક્ટ શરુ કરાશે. જોવાની ખુભી એ છે કે હરિયાણામાં મહિલાઓની સુરક્ષાને કોરાણેમુકીને ગાયોની રક્ષા માટે આવું પગલું લેવામાં આવ્યુ છે.હજી તો બે ત્રણ મહિના પહેલા જ ઘાસચારાના અભાવે હરિયાણાની કેટલીંક પાંજરાપોળોમાં ગાયોના ભુખમરાને કારણે મોત થયા હતા. અને તેનો ભારે વિવાદ જાગ્યો હતો. ત્યારે રાજ્ય સરકારે અચાનક ગૌસેવાનો અને ગૌરક્ષાનો શોખ જાગ્યો છે. અને પીજી હોસ્ટેલ ખોલવાની વાત કરી છે.

જ્યારે લોકદળના નેતા અભય ચૌટાલાએ સરકારના આ નિર્ણયને હાસ્યાસ્પદ ગણાવ્યો હતો.તેમણે કહ્યુ હતું કે લોકોને રહેવા માટે ઘર નથી ને રાજ્ય સરકાર ગાયો માટે હોસ્ટેલો બાંધવાની વાતો કરે છે.અમે લોકોને પીજી તરીકે હોસ્ટેલમાં રહેતાં સાંભળ્યા છે પરંતુ ગાયોને પીજી હોસ્ટેલમાં રહે તે કેવું વિચિત્ર ગણાય.લોકોની માનસિકતા સાથે રમત કરવા ટેવાયેલી ભાજપી સરકારો છાસવારે મંદિર,ગાય અને હિદુત્વના મુદ્દે જાત જાતના મુદ્દાઓ ઉભા કરે છે.

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઇ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

ભારતનું સૌ પ્રથમ મહીલા પોલીસ સ્ટેશન કેરળના કાલિકટમાં શરુ કરવામાં આવ્યું હતું.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્શન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃએ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# સુપ્રીમ કોર્ટનો અપરાધી નેતાઓ માટે સ્પેશીયલ કોર્ટ રચવા નિર્દેશ



દેશના ચુંટણી પંચે કલંકિત નેતાઓને ચુંટણી લડવા પર આજીવન પ્રતિબંધની તરફદારી કરી છે.સુપ્રીમ કોર્ટે આવા કલંકિત નેતાઓ સામેના ખટલાઓ માટે વિશેષ કોર્ટની રચના કરવા માટે કેન્દ્ર સરકારને નિર્દેશ કર્યો છે.ચુંટણી પંચે એક અરજીના અનુસંધાને થઇ રહેલી સુનાવણી દરમિયાન કહ્યુ કે કલંકિત સાંસદો અને ધારાસભ્યો પર આજીવન પ્રતિબંધ મુકવો જોઇએ.સુપ્રીમ કોર્ટે આ માટે સ્પેશીયલ કોર્ટોની રચવા કરવાનું સુચન કરીને કેન્દ્ર સરકારને છ સપ્તાહમાં જવાબ આપવા માટે નિર્દેશ કર્યો છે.આ પહેલાં કેન્દ્ર સરકારે એવી લાચારી બતાવી હતી કે તેઓ વિશેષ કોર્ટોની ચરના કરવા માટે તૈયાર છે પણ રાજ્યો તેમ કરતાં નથી.આ અંગે સુપ્રીમ કોર્ટે કહ્યુ કે કેન્દ્ર સરકારે સેન્ટ્રલ સ્કીમ અંતગર્ત આવી કોર્ટોની રચના કરવી જોઇએ.

સુપ્રીમ કોર્ટે અરજી પરની સુનાવણી દરમિયાન કેન્દ્રને સાંસદો અને ધારાસભ્યો સામે ચાલી રહેલા ૧૫૮૧ કેસોની વિગતો રજુ કરવાનો આદેશ પણ કર્યો છે.૨૦૧૪ની લોકસભા ચુંટણી વખતે આ તમામ લોકોએ ચુંટણી પંચમાં જમા કરાવેલા સોગંદનામામાં તેમની સામે ક્યા ક્રિમિનલ કેસો દાખલ થયેલા છે તેની વિગતો આપી છે. આ વિગતોને આધારે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર પાસે જવાબ માંગ્યો છે.કોર્ટે ૧૫૮૧ કેસો અંગે એક વર્ષની અંદર કેવી રીતે કાર્યવાહી થઇ શકે તે બતાવવા માટે પણ કેન્દ્ર સરકારને સુચના આપી છે.

જસ્ટીસ રંજન ગોગોઇ અને નવીન સિંહાની બનેલી બેન્ચે આ તમામ કેસોમાં શું કાર્યવાહી થઇ છે તેની વિગતો પણ માંગી છે.સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યુ કે રાજકારણને અપરાધમુક્ત બનાવવા માટે તે કટિબધ્ધ છે અને રાજકારણીઓ સામે જે કોઇ કેસ ચાલી રહ્યા છે તેના ઝડપી ઉકેલ માટે સ્પેશીયલ કોર્ટની રચના કરવાની તેની તૈયારી છે.ચુંટણી પંચ અને કાયદા પંચે કલંકિત રાજકારણીઓના આજીવન ચુંટણી લડવા પરના પ્રતિબંધની ભલામણનો પણ કેન્દ્ર સરકારે સ્વીકાર કર્યો હતો.

## જાણવા જેવું

વિમ્બલ્ડન ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટ દરમિયાન ૪૨ હજાર ટેનીસ બોલનો વપરાશ થાય છે.
મહમંદ ગઝનીએ સોમનાથ મંદિરની લુંટમાંથી ગઝની શહેરમાં યામીની યુનીવરસીટીની સ્થાપના કરી હતી.એણે લુંટના પૈસા કાબુલ શહેરને ખુબસુરત બનાવવામાં વાપર્યા હતા.
થાઇલેન્ડમાં પરીક્ષામાં ચોરી કરવા માટે, ત્યાંના કાનુનમાં કોઇ સજાની જોગવાઇ નથી.
ગ્રેહામ ગ્રિન્ડના બ્રાઇટન અર્ખ નામના પુસ્તકની પ્રથમ એડીશનની કિંમત એંશી હજાર રુપીયા બોલાય છે.
સેક્સી સ્ટાર ડેની મુરને સ્ટ્રીપ્ટીઝમાં કામ કરવા માટે છત્રીસ કરોડ રુપીયા મળેલા છે.
લોસ એંજેલસની સ્ટાર હોલીવુડ રેસ્ટોરાંની મુતરડીઓમાં દરેક સ્ટેન્ડ પર ટીવી ગોઠવેલાં છે.
અમેરીકામાં સ્ટ્રીપ્ટીઝ અને કેબરે જોવા માટે પુરષો કરતાં સ્ત્રીઓ વધારે જાય છે.
ફ્રાંસની એક રીફાનરીમાં કામ કરતાં ત્રેપન વર્ષના એલન ગાર્સીયાએ સૌથી વધારે સ્ત્રીઓ પર બળાત્કાર કરેલાના કિસ્સા પોલીસ દફતરે નોધાયેલા છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# કેથોલિક સિસ્ટર રાની મારિયાને પુનિત પંક્તિમાં મુકાશે

ફ્રાન્સિસ્કન કલારિસ્ટ સંઘના સાધ્વી સિસ્ટર રાની મારીયાને ઈન્દોર ખાતે પુનિત પંક્તિમાં મુકવાનું નક્કી કરવામાં આવ્યું હતું.ભારતની કેથોલિક ધર્મસભા માટે આ એક આનંદનો દિવસ હશે.પુનિત પંક્તિના આ સમારોહ અંતર્ગત રોમથી સંતોની પંકિતમાં મુકવાની કાર્યવાહી સંભાળતા પંચના વડા કાર્ડિનલ આંજેલો આમાતોના હસ્તે તથા ભારતના ચાર કાર્ડિનલ તેમજ ૫૦ ધર્માધ્યક્ષો,સેકડો પુરોહિતો,સાધ્વીઓ અને ધર્મજનો આ પ્રસંગે હાજર રહેશે.

ફ્રાન્સીસ્કન ક્લારિસ્ટ સંઘના સાધ્વી રાની મારીયા વિત્તાલીલની ૨૫ ફેબ્રુઆરી ૧૯૯૫માં હત્યા કરવામાં આવી હતી.પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર મધ્યપ્રદેશના ઉદયનગર પાસેના જંગલમાં બસના ૫૦ મુસાફરોની સામે રાની મારીયા સમંદરસિંઘ નામના હત્યારાએ ચાકુના ૫૪ ઘા મારીને હત્યા કરી હતી.

સિસ્ટર રાની મારીયાને પુનિત પંક્તિમાં સામેલ કરીને કેથોલિક ચર્ચના વડાધર્મગુરુ નામદાર પોપ ફ્રાંસીસ એ જાહેર કરવા માંગે છે કે સી.સાની મારીયાનું જીવન એક અનુકરણીય શહાદતની સાક્ષી છે.સિસ્ટર રાની મારીયાના હત્યારા સમંદરસિંઘે ૨૦૧૦માં કહ્યુ હતું કે હું કહી શકતો નથી કે સિસ્ટરની હત્યા કરવા માટે મને મજબુર કરાયો હતો.

# દક્ષિણ ભારતીય અભિનેતા પ્રકાશ રાજે કમલ હસને હિંદુ આતંકવાદનો વિવાદિત મુદ્દા પર કરેલ ટિપ્પણી પર ટ્વીટ કર્યું

દક્ષીણ ભારતના સુપર સ્ટાર કમલ હસને હિન્દુ આતંકવાદનો વિવાદિત મુદ્દો ઉઠાવ્યા બાદ હવે પ્રકાશ રાજે પણ એવીજ ટિપ્પણી કરી છે. પરોક્ષ રીતે ભાજપ અને હિન્દુવાદી સંગઠનો પર નિશાન તાકતાં પ્રકાશ રાજે ટ્વીટ કર્યુ હતું કે જો સંપ્રદાય,સંસ્કૃતિ અને નૈતિકતાનાા નામ કોઈને આતંકિત કરવાની વાત નતી તો બીજું શું છે ? આ ટ્વીટ બાદ પ્રકાશ રાજ વિવાદમાં ઘેરાઈ શકે છે.આ અગાઉ રાજનીતિમાં આવવાની તૈયારી કરી રહેલા કમલ હસને એક તામિલ મેગેઝિન માટે લખેલા લેખમાં કહ્યુ હતું કે રાઈટ વિગે હવે મસલ પાવરનો ઉપયોગ કરવાનો શરુ કરી દીધું છે.તેણે આરોપ લગાવ્યો હતો કે હિંન્દુ કેમ્પોમાં આતંકવાદ ઘુસી ચુક્યો છે.પ્રકાશ રાજે ટ્વીટ કરીને કહ્યુ હતું જો મારા દેશના માર્ગો પર યુવા કપલ્સ સાથે નૈતિકતાના નામે ગેરવર્તન કરવું એ આતંકિત કરવાની વાત નથી, ગૌહત્યાના મામલે શંકાના આધારે કાયદો હાથમાં લઈને લોકોને મારપીટ કરીને માંરી નાંખવા, કોઈને ટ્રોલિંગ કરવા, ગાળો આપવી અને થોડી અસંમતિ પર ચુપ રહેવાની ધમકી આપવી એ આતંકિત કરવાની વાત નથી તો બીજું શું છે ? હવે વારાણસીમાં કમલ હસનની વિરુધ્ધ ધાર્મિક લાગણીઓને ઠેસ પહોચાડવાના મુદ્દે બદનક્ષીનો કેસ નોંધવામાં આવે છે.તામિલનાડુમાં ઘટના ઘટી અને કેસ યુપીમાં નોધાયો છે.

# ભારતમાં ઇસ્લામિક બેન્કિંગ શરુ નહી કરાય : રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયા

રિઝર્વ બેન્કે એક મહત્વના નિર્ણયમાં જાહેર કર્યુ છે કે દેશમાં ઈસ્લામીક બેન્ક શરુ કરવાની દરખાસ્ત આગળ નહીં ધપાવાય. એક આરટીઆઈના જવાબમાં રિઝર્વબેન્કે કહ્યુ કે દેશના તમામ નાગરિકોને વ્યાપક પ્રમાણમાં અને સમાન અવસર સાથે બેન્કીંગ અને નાણાંકીય સેવા ઉપલબ્ધ થાય તેનો વિચાર કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે.ઈસ્લામિક કે શરિયા બેન્કીંગ અંતગર્ત કોઈપણ વ્યાજ લીધા વગર નાણાંકીય વ્યવસ્થા ઉભી કરવાની હોય છે.આરબીઆઈ અને સરકારે આ અંગે વિચાર કર્યા બાદ આ નિર્ણય લીધો છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે

સફળતા કોને કહેવાય ? આમ તો દરેક વ્યક્તિની દષ્ટિએ સફળતાનો અર્થ જુદો જુદો હોઈ શકે. કોઈ તેને સંપત્તિ સાથે સાંકળી શકે તો કોઈ તેને સ્વાસ્થ સાથે સાંકળે તો કોઈ તેને અભ્યાસ સાથે કે સમાજમાં મળતા મોભા-પ્રતિષ્ઠા સાથે સાંકળી શકે. આમ છતાં સફળતા એ આંતરિક બાબત છે.જે બાબતને તમે પ્રાધાન્ય આપીને સફળતા ગણો છો તેને અન્ય વ્યક્તિ સફળતા ન પણ ગણે.પણ તે માટે આપણે આપણી પસંદગી કે રસ રુચિ બદલવાની જરુર નથી.તમને મજા આવતી હોય , સંતોષ મળતો હોય અને સમાજ તેને સહર્ષ સ્વીકારતો હોય તેવી દરેક બાબતમાં આગળ વધો, એ જ તમારી સફળતા છે.

તમારી શક્તિ અને મર્યાદાને જાણો. વ્યવહારિક બનો. એટલે કે વાસ્તવિકતાનો સ્વીકાર કરો. તમને જે મળ્યું છે તે છે અને નથી તે નથી.તેનો સ્વીકાર કરો અને મહેનત કરવા મંડી પડો.પોાતની બહેરી પત્ની માટે શ્રવણયંત્ર શોધવાનો અલેકઝાંડર ગ્રેહામ બેલે ખુબ પ્રયત્ન કર્યો હતો.તેઓશ્રવણયંત્ર ન શોધી શક્યા. હા, ટેલીફોનના સિધ્ધાંતો જરુર શોધી કાઢ્યા.આમ કરેલું ફોગટ જતું નથી.એન્ડુ કારનેગ કહે છે, એક સામાન્ય વ્યક્તિ પોતાની શક્તિના ૨૫ ટકા જ કામ કરે છે.જેઓ ૫૦ ટકાથી વધુ શક્તિ ખર્ચે છે તેઓને જગત સલામ કરે છે.પરંતુ જેઓ ૧૦૦ ટકા શક્તિ ખર્ચે છે તેમને જગત આસમાનની બુલંદી પર બેસાડે છે.

સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે.બંને એકબીજાની સાથે ચાલે છે.જ્યાં સફળતા હોય ત્યાં સંઘર્ષ હોય અને સંઘર્ષ હોય ત્યાં સફળતા પણ આવે. તમે કહેવત સાંભળી હશે, "શાંત દરિયો કદી કુશળ ખલાસી બનાવતો નથી.'' આમ સંઘર્ષ દ્વારા મળેલી સફળતા જ સંતોષ સાથે નિજાનંદ આપે છે. પ્રયત્ન વિના, પ્રાપ્ત થયેલ લક્ષ્ય ધાર્યો સંતોષ કે આનંદ આપી શકતા નથી.

ટોમ વોટસનના મતે જો તમારે સફળ થવું હોય તો નિષ્ફળતાનું પ્રમાણ બમણું કરી નાંખો. એટલે કે પ્રયત્નો વધારી દેવા જોઈએ.તેમાં ભલેને મોટા ભાગના પ્રયત્નો નિષ્ફળતામાં પરિણમે. લોકો સફળતાને જુએ છે.વધાવે છે,તે માટે થયેલ નિષ્ફળ પ્રયત્નોને કોઈ મહત્વ આપતું નથી.નિષ્ફળ થવાશે તેમ માનીને કશું જ ન કરનાર કરતાં, સતત નિષ્ફળ થનાર વ્યક્તિ પણ જો પોતાના પ્રયત્નો ચાલુ જ રાખતો હોય તો તે વધારે પ્રમાણિક અને વિશ્વાસુ ગણાય.

એક ખેડુતની વાડી જોઈને કોઈએ કહ્યું કે વાહ ભગવાને કેટલી સુંદર વાડી તને આપી છે.તારે ભગવાનનો આભાર માનવો જોઈએ. ત્યારે પેલા ખેડુતે કહેલું કે હા હું ભગવાનનો આભારી છું.પણ તમારે આ વાડી પાંચ વર્ષ પહેલાં જોવી જોઈતી હતી.જ્યારે તે માત્ર પ્રભુના ભરોસે હતી. અહીં અર્થઘટન એ કરવાનું કે ભગવાનને ભરોસે બધું ન છોડાય. આપણી મહેનત હોય તો જ સફળતા મળે. પ્રિન્સ લોમ્બાર્ડી જણાવે છે કે વિજયી બનવાની ઈચ્છા બધાને હોય છે, પણ એ માટે નક્કર યોજના બનાવી પુર્વ તૈયારી કરવા માટે ખુબ ઓછા લોકો તૈયાર થતા હોય છે.સફળતા મેળવવા માત્ર શૈક્ષણિક ડીગ્રી જ કામ આવતી નથી.સફળ વ્યક્તિઓમાંથી મોટા ભાગની વ્યક્તિ અભ્યાસમાં મોખરાનું સ્થાન ધરાવતી ન હતી.અરે, ઘણી વ્યક્તિઓ તો અભ્યાસમાં નાપાસ પણ થતી હતી. તો કેટલીક વ્યક્તિઓ તો અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ હતો. કેટલાંક ઉદાહરણો વાંચો. લકવાગ્રસ્ત વિલ્મા રુડોલ્ફ પોતાની તીવ્ર ઈચ્છાશક્તિ અને મહેનતને કારણે ૧૯૬૦માં ઓલિમ્પીકમાં સૌથી ઝડપી મહિલા તરીકે પ્રથમ આવી હતી.શૈલી માન બાળપણમાં લકવાગ્રસ્ત બની હતી. છતાં તરણવિદ્યા શીખી ૧૯૫૬ની મેલબોર્ન ખાતેની ઓલિમ્પીકમાં તેણે ત્રણ વિક્રમ સર્જ્યા હતા.હેની ફોર્ડ જ્યારે પોતાની જીવનની પ્રથમ કાર બનાવી ત્યારે તેઓ તેમાં રીવર્સ ગીયર નાંખવાનું ભુલી ગયા હતા.અને ૪૦માં વર્ષે નાદારી નોધાવી હતી.વીજળીનો દિવો શોધવામાં થોમસ આલ્વા એડીસનને સફળતા મળી એ પહેલાં ૧૦,૦૦૦ પ્રયોગ નિષ્ફળ નીવડ્યા હતા.સુપરસ્ટાર રજનીકાંત ૨૪માં વર્ષે બસ કંડકર હતો.બીલ ગેટસે પોતાનું યુની.નું શિક્ષણ પુરુ કર્યું નથી.સચિન તેંડુલકર ૧૦માં ધોરણની પરીક્ષામાં નાપાસ થયો હતો.આમ સફળતા માટે માત્ર શિક્ષણ જ ઉપયોગી નથી.તમને જેમાં રસ છે, તમને જે ગમે છે તે પુરા લગાવથી મન મુકીને કરો. તમે સફળ થશો જ, અંતે દોસ્તો એટલું યાદ રાખજો કે ,બધા બધું નથી બની શકતા અને બધા એ બધું બનવાની જરુર પણ નથી. ડો. અશોક પટેલ(સૌ.)

# ઉત્તરપ્રદેશની દરેક જિલ્લામાં ગૌશાળાની જાહેરાત કરતાં મુખ્યમંત્રી યોગીજી

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગીજીએ આરએસએસના હેડક્વાટર્ ખાતે વિશ્વ હિન્દુ પરિષદના એક એકમના કાર્યક્રમમાં જાહેરાત કરતાં કહ્યુ હતું કે રાજ્યના તમામ ૭૫ જિલ્લામાં ગૌશાળા સ્થાપવામાં આવશે.

આ ગૌશાળાનું સંચાલન સરકાર નહીં કરે. પરંતુ સ્થાનિક સોસાયટીઓ તેનું સંચાલન કરશે.ગોહત્યા જરા પણ સાંખી નહીં લેવાય તેવો સંકેત આપતાં મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે જો કોઈ ગાયની સતાવણી પણ કરશે તો જેલમા ધકેલી દેવાશે.

યોગીએ કહ્યુ કે આ ગૌશાળા બુંદેલખંડ જેવા પ્રદેશો માટે આશીવાદ રુપ બની જશે.જ્યાં પાણીનીં તંગીને કારણે તેમના ગૌચર દુધ આપતાં બંધ થાય છે.અને તેમને રઝળતાં મુકી દે છે.


ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.